# શિક્ષણ / કાયદા વિદ્યાશાખામાં અધ્યાપક સહાયક તરીકે ઓનલાઈન અરજી કેવી રીતે કરશો ?

- Che.guj.com પર લાયકાત ધરાવતા ઉમેદવારને Adhyapak Sahyak Recruitment- 2018 પર ક્લિક કરવું.
- Application Registration પેજ પર કલીક કરવું.
- Registration(રજિસ્ટ્રેશન) પેજ ખુલ્યા બાદ ઉમેદવારે પોતાનું ઈ-મેઈલ આઈ.ડી.નાખી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- પોતાના ઈ-મેઈલ આઈ.ડી. પર આવેલ ઈ-મેઈલમાં રહેલી લિંક પર ક્લિક કરવાથી પાસવર્ડ જનરેટ કરવાનું પેજ ખુલશે.
- એકવાર પાસવર્ડ જનરેટ થઈ જાય એટલે LOG IN પર કલીક કરવું. જેમાં ઈ-મેઈલ આઈ.ડી. અને પાસવર્ડ નાખવાથી ઉમેદવારનું કોરું ફોર્મ ખુલશે.
- ફોર્મ ભરતાં પહેલાં ઉમેદવારે પોતાનો ફોટો અને સહી અલગ – અલગ JPG અથવા PNB ફોર્મેટમાં 25 થી 100 Kb સુધીમાં સોફ્ટકોપી અથવા પેન ડ્રાઈવમાં તૈયાર રાખવો.
- તે ઉપરાંત ગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ, એલ.એલ.બી., એલ.એલ.એમ., બી.એડ, એમ.એડ., પીએચ.ડી. સર્ટિફિકેટ, પીએચ.ડી. નોટિફિકેશન પીએચ.ડી. કોમ્પ્લાયંસ સર્ટિફિકેટ, NET/GSLET સર્ટિફિકેટ વગેરે દસ્તાવેજો અલગ અલગ 500KBથી નીચેની સાઈઝની PDF ફાઈલ તૈયાર રાખવી.
- આ ઉપરાંત ફોર્મ ભરતી વખતે ધોરણ ૧૦ થી તમામ શૈક્ષણિક લાયકાત, જાતિનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો), ક્રીમીલેયર સર્ટિફિકેટ(લાગુ પડતું હોય તો), સ્નાતક અને અનુસ્નાતકની માન્યતા (જો લાગુ પડતું હોય તો) , એમ.ફિલ.નું નોટિફિકેશન અને ડીગ્રી(જો લાગુ પડતી હોય તો) , રિસર્ચ પેપર અને પ્રકાશિત થયેલ પુસ્તકો વગેરે સાથે રાખીને ફોર્મ ભરવા બેસવું , જેથી જરૂરી માહિતી સરળતાથી મળી રહે.
- ઉમેદવારે ફોર્મ ભરવાની શરૂઆતમાં પોતાની માહિતી આપવાની થાય છે . આ માહિતમાં ઉમેદવારનું નામ, માતાપિતા/પતિનું નામ, અટક, જેન્ડર(જાતિ), મેરેજ સ્ટેટસ, જન્મ તારીખ, જન્મ સ્થળ, રાજ્ય જિલ્લો, એસ.એસ.સી. બેઠક નંબર, દિવ્યાંગ હોય તો તે ઉપરાંત કઈ વિધાશાખા માટે અને કયા વિષય માટે અરજી કરે છે એ માહિતી ભરવાની રહશે.

- જો શિક્ષણ વિધાશાખા પસંદ કરેલ હશે તો ક્યાં વિષય/મેથડમાં અરજી કરો છો તે પસંદ કરવાનું રહેશે.
- ઉમેદવાર સાથે પત્ર વ્યવહાર તેમજ આપે જે વિષયની માહિતી માટે ઉમેદવારનું સરનામું, જિલ્લો, ગામ શહેર, રાજ્ય મોબાઈલ નંબર, ઈ મેઈલ આઈ.ડી. લખવાનું રહેશે.
- શૈક્ષણિક લાયકાતની માહિતી એસ.એસ.સી.થી લઈને અનુસ્નાતક કક્ષા સુધીની ભરવાની રહેશે. જેમાં સ્નાતક અને અનુસ્નાતક સિલેક્ટ કરતાં વિષયને સુસંગત ડિગ્રી પસંદ કરવાની રહેશે. બોર્ડ, યુનિવર્સિટીનું નામ, પાસ કર્યાનું વર્ષ, રાજ્ય , ટકાવારી અને ડિગ્રી દર્શાવવાના રહેશે. પછી SAVE બટન પર કલીક કરી માહિતી SAVE કરવાની રહેશે. અને જો ફેરફાર કરવાનો થાય તો ફોર્મ કન્ફર્મ કરતાં પહેલાં સુધારો કરી શકાશે.
- જો ઉમેદવારે એમ.ફિલ. પાસ કરેલ હોય તો એમ.ફિલ.નો નોટિફિકેશન નંબર, સર્ટિફિકેટ નંબર, ટકાવારી, પાસ કર્યાનું વર્ષ અને યુનિવર્સિટીની માહિતી આપવાની રહેશે.
- જો ઉમેદવારે પીએચ.ડી. કરેલ હોય તો યુ.જી.સી. રેગ્યુલેશન - ૨૦૧૦નાં ૪થા સુધારા મુજબ તેમણે પીએચ.ડી. કોમ્પ્લાયંસ સર્ટિફિકેટ, નોટિફિકેશન નંબર અને તારીખ જણાવવાની રહેશે. આ ઉપરાંત પીએચ.ડી. રજિસ્ટ્રેશનની તારીખ અને યુનિવર્સિટીનું નામ પણ જણાવવાનું રહેશે.
- જો ઉમેદવારે NET અથવા GSLETની પરીક્ષા પાસ કરેલ હોય તો તેના સર્ટિફિકેટનો નંબર અને તારીખ જણાવવાની રહેશે.
- જો ઉમેદવારે બી.એડ. , એમ.એડ., એલ.એલ.બી. કે એલ.એલ.એમ.માં યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક મેળવેલ હોય તો યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની તારીખ અને નંબર જણાવવાના રહેશે.
- જો ઉમેદવાર કોઈ સંસ્થામાં શૈક્ષણિક કાર્ય કરાવતા હોય તો તેમણે યુનિવર્સિટીની સ્નાતક અને અનુસ્નાતકની માન્યતાનો નંબર અને તારીખ જણાવવાની રહેશે.
- જો ઉમેદવાર કોઈ શૈક્ષણિક સંસ્થામાં (સ્વનિર્ભર , સરકારી કે અનુદાનિત) કોલેજોમાં અભ્યાસ કરાવતા હોય તો તેમણે જે તે કોલેજ અને યુનિવર્સિટીનું નામ , હોદ્દો, શૈક્ષણિક અનુભવ અને તેના અનુભવના પ્રમાણપત્રોની વિગતો જેવી કે નંબર અને તારીખ જણાવવાની રહેશે.
- ઉમેદવારે જો કોઈ પુસ્તક પ્રકાશિત કરેલ હોય તો પુસ્તકનું નામ , ISBN નંબર અને કયા વર્ષના કયા મહિનામાં તે પુસ્તક પ્રકાશિત થયું છે તે દર્શાવવાનું રહેશે. વધુમાં વધુ પાંચ (૦૫) જ પુસ્તકની વિગતો દર્શાવવાની રહેશે અને ઉમેદવારે પ્રમાણપત્રોના વેરિફિકેશન વખતે અરજીમાં દર્શાવેલ પુસ્તકો હાર્ડકોપીમાં (અસલ) લાવવાના રહેશે.

પુસ્તક માટે રાજા રામમોહનરાય નેશનલ એજન્સી ફોર આઈ.એસ.બી.એન. , ન્યુ દિલ્હી દ્વારા ફાળવવામાં આવેલ ISBN નંબર જ માન્ય રહેશે. જો ઉમેદવારે પોતે સીધો જ આ એજન્સી પાસેથી ISBN નંબર મેળવ્યો હોય તો આ એજન્સી દ્વારા તેને ફાળવવામાં આવેલ પત્ર રજૂ કરવાનો રહેશે અને જો ઉમેદવારે કોઈ પ્રકાશક પાસે પુસ્તકનું પ્રકાશન કરાવ્યું હોય તો પ્રકાશકને ઉપરોક્ત એજન્સીએ ફાળવેલ પત્ર રજૂ કરવાનો રહેશે. આ પત્રમાં ઉમેદવારના પુસ્તકનો ISBN નંબર દર્શાવેલો હોવો જરૂરી છે.

- જો ઉમેદવારે કોઈ સંશોધનપત્ર પ્રકાશિત કરેલ હોય તો તેના સંશોધનપત્રનું શીર્ષક , જર્નલનો ISSN નંબર, પ્રકાશન માસ અને વર્ષ તેમજ પ્રકાશિત જર્નલનો યુ.જી.સી. એપ્રુવ્ડ લિસ્ટનો જર્નલ નંબર દર્શાવવાનો રહેશે. આવા વધુમાં વધુ પાંચ સંશોધનપત્રોની વિગતો આપવાની રહેશે.
- જો ઉમેદવારે SCOPE અથવા CCC અથવા બંનેની પરીક્ષા પાસ કરી હોય તો પરીક્ષાના સર્ટિફિકેટ નંબર અને આ પરીક્ષા પાસ કર્યાના મહિનો અને વર્ષ દર્શાવવાનું રહેશે.
- અરજી ફોર્મમાં નીચે દર્શાવેલ SAVE બટન પર ક્લિક કરવાથી કોલેજ પસંદગીનું પેજ ખુલશે , જેમાં ઉમેદવારે કરેલ અરજીનો ટોકન નંબર , ઉમેદવારનું પૂરું નામ તથા તેના વિષય અને કેટેગરી અનુસાર ઉપલબ્ધ સંભવિત કોલેજોની યાદી દર્શાવવામાં આવેલ હશે. ઉમેદવારે , દર્શાવેલ કોલેજમાંથી પોતાની પસંદગીના ક્રમાનુસાર કોલેજોની પસંદગી કરવાની રહેશે. તમામ કોલેજોને પોતાની પસંદગી મુજબનો ક્રમ આપવો ફરજિયાત છે.
- ખાસ નોંધ – ધ્યાન રાખો કે આ કોલેજોની પસંદગીનો ક્રમ નિમણૂંક પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી બદલી શકાશે નહીં. ઉપરોક્ત પસંદગી આપ્યા બાદ જ ઉમેદવારનું ફોર્મ SAVE&CONTINUE કર્યા બાદ જ આગળ જઈ શકાશે.
- ઉમેદવારે પોતાનો ફોટો અને સહી JPG,JPEG, કે PNG ફોર્મેટમાં 100kbની મર્યાદામાં અપલોડ કરવાની રહેશે.
- આ જ Windowમાં ઉમેદવારે અપલોડ કરવાના થતા સ્નાતક, અનુસ્નાતક, એલ.એલ.બી., બી.એડ., એલ.એલ.એમ., એમ.એડ., પીએચ.ડી. અને NET/GSLET/SETના પ્રમાણપત્રો PDF ફોર્મેટમાં 500kbની મર્યાદામાં અપલોડ કરી SAVE કરવાના રહેશે.
- ઉમેદવારને સિસ્ટમ દ્વારા ચલણ જનરેટ કરી આપવામાં આવશે , જેના મારફત ઉમેદવારે બેન્કમાં જરૂરી ફી જમા કરાવવાની રહેશે. બેન્ક દ્વારા ચલણ જમા કરાવવાથી ટ્રાન્જેક્શન નંબર આપવામાં આવશે, આ ટ્રાન્જેક્શન નંબર સિસ્ટમમાં નાખ્યા બાદ જ ઉમેદવાર પોતાની અરજી કન્ફર્મ કરી શકશે.

- **જો આપ બી.એડ./કાયદા વિદ્યાશાખામાં અધ્યાપક સહાયક તરીકે ઓનલાઈન અરજી કરવા માંગતા હો તો નીચે મુજબના દસ્તાવેજો આપની સાથે રાખશો જેથી આપને ઓનલાઈન અરજી કરવામાં સરળતા રહેશે...**

૧. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (લિવિંગ સર્ટિફિકેટ)
૨. એસ.એસ.સી.ની માર્કશીટ
૩. એચ.એસ.સી.ની માર્કશીટ
૪. જાતિનો દાખલો (જો લાગું પડતું હોય તો)
૫. ગ્રેજ્યુએશનની માર્કશીટ
૬. બી.એડ./એલ.એલ.બી.ની માર્કશીટ
૭. અનુસ્નાતકની માર્કશીટ
૮. એમ.એડ. /એલ.એલ.એમ.ની માર્કશીટ
૯. એમ.ફીલ. માર્કશીટ અને નોટિફિકેશન
૧૦. પીએચ.ડી.નું નોટિફિકેશન
૧૧. પીએચ.ડી. રજિસ્ટ્રેશન લેટર
૧૨. પીએચ.ડી. કોમ્પ્લાયન્સ સર્ટિફિકેટ
૧૩. NET/GSLET /SETનું સર્ટિફિકેટ
૧૪. SCOPE અને CCC સર્ટિફિકેટ
૧૫. અનુભવના પ્રમાણપત્રો
૧૬. આઈ.એસ.બી.એન. નંબર સાથે પ્રકાશિત થયેલ પુસ્તકો
૧૭. UGC Approved લિસ્ટમાં દર્શાવેલ નંબર સાથેના આઈ.એસ.એસ.એન. નંબર ધરાવતા જર્નલમાં પ્રકાશિત થયેલ લેખો

➢ **નીચે દર્શાવેલ દસ્તાવેજો સ્કેન કરી સાથે રાખવા...**

૧. ઉમેદવારનો ફોટોગ્રાફ (JPG, JPEG કે PNG ફોર્મેટમાં 100kbની મર્યાદામાં)

૨. ઉમેદવારની સહી (JPG, JPEG, કે PNG ફોર્મેટમાં 100kbની મર્યાદામાં)

➢ **નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સ્કેન કરી PDF ફોર્મેટમાં વધુમાં વધુ 500kb મર્યાદામાં સાથે રાખવા...**

1. Mark sheet of UG (Other)
2. Mark sheet of LLB / Mark sheet of B. Ed
3. Mark sheet of PG (Other)
4. Mark sheet of LLM / Mark sheet of M. Ed
5. M. Phil., Mark sheet
6. Ph.D. Certificate
7. Ph.D. Notification
8. Ph.D. Compliance Certificate
9. NET/GSLET/SET Certificate